ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ.　　　　ફોન નં. ૦૨૮૩૨–૨૩૫૦૧૫

**રેફ. નં.** /ક.યુ/હેલ્પ સેન્ટર/૨૦૨૧/ 3958　　　　**તા.** ૧૭.૦૮.૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સંલગ્ન કોલેજો તમામ.

વિષય : વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રવેશ માટે હેલ્પ સેન્ટર ની ગાઈડ લાઈન.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રવેશ માટે આપની કોલેજ ને હેલ્પસેન્ટર તરીકે કાર્યરત કરવાની રહે છે જે માટે નીચેની ગાઈડ લાઈન અનુસરવા અનુરોધ છે.

- હેલ્પ સેન્ટર માટે કોર્ડિનેટર તથા આસી. કોર્ડીનેટર ની નિમણુંક કરવાની રહેશે તથા તેમનુ નામ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી પત્ર દ્વારા યુનિ.ને જણાવવાનું રહેશે. હેલ્પ સેન્ટર માટેની તમામ જવાબદારી કોર્ડીનેટરશ્રીની રહેશે. કોર્ડિનેટર તથા આસી. કોર્ડીનેટરનું મહેનતાણું યુનિ. દ્વારા નક્કી કરાયેલ નીયમાનુશાર તથા નક્કી કરાયેલ દિવસો મુજબનું ચુકવવા પાત્ર રહેશે.
- યુનિ.માં ચાલતા તમામ કોર્ષ માટે વિદ્યાર્થી આપના હેલ્પસેન્ટર પર ફોર્મ જમા કરાવવા ઈચ્છે તો તે ફોર્મ સ્વીકારવાનું રહેશે તથા એલીજીબીલીટી ચેક કરી જરૂરી તમામ સ્વપ્રમાણિત દસ્તાવેજો ફોર્મ સાથે વિદ્યાર્થીઓ પાસેથી લેવાના રહેશે તથા જે તે કોલેજોને સત્વરે મોકલવાનું રહેશે.
- તમામ કોલેજના બ્રોસર કોર્ડીનેટરશ્રી એ મંગાવી કોપી પોતા પાસે રાખવાની રહેશે જેથી વિદ્યાર્થી ને જરૂરી માહિતી પૂરી પડી શકાય.
- હેલ્પ સેન્ટર નો સમય સવારે ૧૦ વાગ્યા થી ૧.૩૦ વાગ્યા સુધી નો રહેશે.
- આપના હેલ્પ સેન્ટર પર આવેલ વિદ્યાર્થી કોઈપણ અભ્યાસક્રમનું ફોર્મ ભરવા ઈચ્છે તે માટે જરૂરી કોમ્પ્યુટર, સ્કેનર, પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેક્સન ની યોગ્ય વ્યવસ્થા કરવી.
- તમામ ફોર્મ તથા આવેલ વિદ્યાર્થીઓનો રેકોર્ડ કાળજીપૂર્વક જાળવવાનો રહેશે. હેલ્પ સેન્ટર પર આવતાં વિદ્યાર્થીઓનું નામ, મોબાઈલ નંબર, સરનામું, બેઝીક ક્વોલીફીકેસન, કયા અભ્યાસક્રમ માટે માહિતી પૂછવામા આવી વગેરે તારીખ સાથેનું રજીસ્ટર જાળવવાનું રહેશે.
- સ્ટેશનરી તથા અન્ય પરચુરણ ખર્ચ નો હિસાબ જાળવવાનો રહેશે જે નિયમ મુજબ યુનિ. દ્વારા ચકાસણી કરી ચૂકવી આપવામાં આવશે.
- હેલ્પ સેન્ટર પર આવતાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે બેસવાની તથા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. મહિલા કોલેજોમા વિદ્યાર્થીનીઓ માટે જ હેલ્પ સેન્ટર રહેશે.
- કોવીડ-૧૯ની સરકારશ્રી ની ગાઈડલાઈનનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

કચ્છ યુનિ.ના દરેક વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇને કરેલ આ વ્યવસ્થાઓ માટે સૌનો સાથ અપેક્ષિત છે.

કુલસચિવ

નકલ રવાના:

૧. કુલપતિશ્રીના કર્યાલય તરફ
૨. ચીફ એકઉન્ટસ ઓફિસર, હિસાબી શાખા તરફ,
૩. સીસ્ટમ એજીનીયર, કોમ્પ્યુટર શાખા તરફ

ક્રાં. શ્યા. કૃ. વ. કચ્છ યુનિવર્સિટી ભુજ–કચ્છ.